# આંક–૧૮ લગત હુકમ

– સાંભળ્યા, અરજી તથા રેકર્ડ વંચાણે લીધુ.

– સદર કામના આરોપીઓએ જામીન અરજી નામ. ગુજરાત હાઈકોર્ટમાં તેઓની રેગ્યુલર જામીન અરજી ક્રિમીનલ મીસેલીનીયસ એપ્લીકેશન નં.૩૨૩૭/૨૦૨૪ તથા ૩૫૪૮/૨૦૨૪ થી અરજી આ કામે કરેલી જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ આરોપીઓની અરજી વિથ ડ્રો કરતા ડાયરેકશન મુજબ પરમીશન આપેલ છે.

– હાલના કામના આરોપીઓને અગાઉ વિ. વકીલશ્રી રોકેલા હતા ત્યારબાદ તેઓએ આં ક–૧૫ થી અરજી આપેલી અને તેઓના ખર્ચે ખાનગી વકીલ રોકવાના હોય તે અરજી આપતા તેઓની ટ્રાયલને દરમીયાન ન્યાયના હીતમાં મુલતવી રાખી કેસની ગંભીરતા ધ્યાને લઈ તેઓને તે મુદત પછીની મુદતે નવા વકીલશ્રી રોકી લેવા અને મુદત આપવામાં આવેલી અને તેની જાણ તેઓને કરવામાં આવેલી.

– આજરોજ હાલના કામના આરોપીઓની મુદત હોય અને તેઓ તથા ફરીયાદ પક્ષે સાહેદ નં.૧, ૨, ૩ અને ૫ નાઓ હાજર છે અને આરોપીઓને વકીલ બાબતે પુછતા તેઓએ હાલની અરજી આપેલ છે અને તેમાં તેઓએ જણાવેલ છે કે તેઓ ત્હોમતદારોને હાલના કામે વકીલશ્રી રાખવાના હોય અને તેમની સાથે ચર્ચા કરવાની હોય મુદતની માંગણી કરેલ છે જે હકીકત તેઓને અત્રેની અદાલતમાં પુછતા તેઓએ તે હકીકત સાધારણ રીતે હાલના કેસમાં વકીલ રોકવા અને સાહેદોને ખર્ચ નામ. કોર્ટ કહે તે ચુકવી આપવા કોઈપણ જાતની ગંભીરતા ધ્યાને લીધા વગર જણાવી રહેલા છે.

– જેની સામે ફરીયાદપક્ષે હાલના આરોપીઓની અરજી ઉપર લેખીત શેરો વિ.એ.પી.પી.શ્રીએ કરી જણાવેલ છે કે ત્હોમતદારો નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષ આ કેસ સ્પીડી ચલાવવા અરજ કરેલ હોય અને નામ. અદાલતમાં વકીલ રોકવા બાબતે મુદત માંગતા હોય તેમજ અકારણ આ કામમાં ઢીલ કરતા હોય જેની સામે સખત વાંધો છે. ઉપરોકત મુજબની હકીકત રેકર્ડ પર જોતા આ કામના આરોપીઓ આજરોજ પણ તેઓએ અગાઉ તેઓને તક આપેલી તે મુજબ તેઓએ વકીલશ્રીને રોકેલા નથી કે આજરોજ કોઈ વકીલપત્ર રજુ કરેલ નથી

અને તેઓએ જાતે આજરોજ અરજી આપી અને વકીલશ્રી રોકવા હોય અને તેઓની સાથે હકીકતની ચર્ચા કરવી હોય તેમ જણાવેલ છે.

– સદર કમના આરોપીઓ હાલમાં જયુડીશ્યલ કસ્ટડીમાં છે. તેઓને કોર્ટ રૂબરૂ તેમના કેસમાં હાજર રહેલા સાહેદોને નાહક ધકકા ખાવા પડે છે તેમજ આરોપીઓના કારણે તેના કેસની ટ્ર ાયલ આગળ ચાલતી નથી તેઓએ એટલે કે આરોપીઓએ કયાં વકીલશ્રી રોકવાના છે તેમનુ કોઈ વકીલપત્ર રજુ કરેલ નથી. સદર કામના આરોપીઓ સામે ઈ.પી.કો. કોડની કલમ – ૩૦૨, ૧ ૨૦(બી), ૧૧૪ તથા જી.પી.એકટ ની કલમ – ૧૩૫ મુજબના ગુનાનુ તહોમતનામુ આંક–૧૦ થી ફરમાવવામાં આવેલુ છે. સદર કામે આરોપીઓ તેમના કેસની ટ્રાયલ જાણી બુજીને વિલંબમાં નાખી રહેલા છે અને સદર કેસના આરોપીઓને રૂબરૂમાં પુછતા પોતાને ખાનગી વકીલશ્રી પરમાર રોકવા જણાવે છે જેથી તેઓ જયુડીશ્યલ કસ્ટડીમાં હોવા છતા ગુજરાત રાજયની લીગલ એઈડ સર્વિસની મદદ માગતા નહી હોવાનુ જણાવે છે. સદર કામના સાહેદોને આજરોજ ફરીથી અત્રેની અદાલતમાં જુબાની આપવા માટે હાજર રહેવુ પડેલ છે.

– જેથી, હાજર રહેલા સાહેદોને દરેકને રૂા.૫૦૦/–(અંકે રૂપીયા પાંચસો) બન્ને આરોપીઓએ સંયુકત રીતે ચુકવી આપ્યેથી ન્યાયના હીતમાં આખરી મુદત આપવાનો હુકમ કરવામાં આવે છે.

**તા.૨૬/૪/૨૦૨૪**

**વિસાવદર**

**(જે.એલ.શ્રીમાળી)**
**બીજા એડી. સેશન્સ જજ,**
**વિસાવદર**